ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૩/૨૧-૨૨/ 659 તારીખ : 24 FEB 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૩/૨૧-૨૨

પ્રતિ,
**મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,**
**શ્રી વિનય વિહાર કેળવણી મંડળ,**
**મું.લોક વિધાલય, વાળુકડ,**
**તા.પાલીતાણા,**
**જી.ભાવનગર.**

**મો.નં– ૯૪૨૬૩ ૯૫૨૧૫/ ૦૨૮૪૮–૨૮૩૩૪૪**

**વિષય : સ્કુલ બિલ્ડીંગના મીટર ના યુનિટ રીવાઈઝડ કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૧–૨૨/૧૦૦ તા.૧૧/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૧–૨૨/૪૩૨ તા.૦૫/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોડીઢાળ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૩/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી વિનય વિહાર કેળવણી મંડળ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૧૫/૦૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– ૧. **શ્રી** ધામેલીયા રાઘવભાઈ આર (કેમ્પસ ડાયરેક્ટર)
૨. દરજી કિર્તીભાઈ ડી. – શિક્ષક.

પ્રતિવાદી :– સોનલબેન આર. ડામોર – નાયબ ઈજનેર, ઘોડીઢાળ પે.વી.કચેરી, પાલીતાણા.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મેનેજીગ ટ્રસ્ટીશ્રી, વિનય વિહાર કેળવણી મંડળ, મું.લોક વિદ્યાલય, વાળુકડ, તા.પાલીતાણા, જી.ભાવનગર ની સ્કુલ બિલ્ડીગ ના મીટર ના યુનિટ રીવાઈઝડ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૧–૨૨/૧૦૦ તા.૧૧/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૫/૦૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ૧. **શ્રી** ધામેલીયા રાઘવભાઈ આર (કેમ્પસ ડાયરેક્ટર) ૨. દરજી કિર્તીભાઈ ડી. – શિક્ષક, હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેસોનલબેન આર. ડામોર – નાયબ ઈજનેર, ઘોડીઢાળ પે.વી.કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી સંસ્થાનું બિલ્ડીગ ગ્રાહક નં–૮૯૦૪૮/૦૦૮૨૩/૯ મીટર રીવાઈઝડ કરવા માટે તા. ૦૪/૦૯/૨૦૨૦ ના જાવક નં–૮૪ થી અમારી સંસ્થાએ આપને પત્રથી રૂબરૂ વિનંતી કરેલ છે. આમ છતાં, પીજીવીસીએલ ના કર્મચારી ઓ આ મીટર ઉતારી ગયા છે.

૧.૨ મીટર ઉતાર્યા પછી આપના તરફથી કોઈ પત્ર મળેલ નથી. કોરોના મહામારીના કારણે, તા.૧૬/૪/૨૦૨૦ થી અમારી પ્રાથમિક શાળા બંધ હતી. છેલ્લા બે વર્ષ થી આ મીટર નું બિલ અમારી સંસ્થાને મીટર રીડરે આપેલ નથી.

૧.૩ અમારી સંસ્થા છેવાડાના ગરીબ છાત્રો નું શિક્ષણ કાર્ય કરી રહી છે. કોરોના મહામારીના કારણે સ્કુલ બંધ હોવાથી, આર્થિક સંકડામણ વધુ હોય છે. આ બાબતે યુનિટ રીવાઈઝડ કરી, મૂલ્ય શિક્ષણ આપતી અમારી સંસ્થાને આપ સાહેબ ને વિનંતી છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી મેનેજીંગ ટ્રસ્ટી, લોક વિદ્યાલય, વાળુકડ ખાતે RGPR ટેરીફ નું ૦.૫ KW નું ગ્રાહક નં–૮૯૦૪૮/૦૦૮૨૩/૯ થી ઘર વપરાશ નું વિજ કનેકશન લોક વિદ્યાલય માં લોક વિદ્યાલય, ગૌશાળા ના નામનું ધરાવતા હતા.

૨.૨ સદર વિજ જોડાણ PRT-145 મુજબ તા.૦૧/૦૭/૧૯૯૭ ના રોજ રીલીઝ કરવામાં આવેલ.

૨.૩ સદર ગ્રાહક નું વિજ મીટર તા.૧૦/૧૧/૨૦૨૦ ના રોજ પ્રફોર્મા–૧૫ નં–૩૭૩ મુજબ બિલ ના નાણાં ભરપાઈ ન થતાં, ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરી દ્વારા મીટર નોન પેમેન્ટ ડિસ કનેકશન માં ઉતારી લેવામાં આવેલ. પ્રફોર્મા–૧૫ નં–૩૭૩ સાથે સામેલ છે. (બિડાણ–૧)

૨.૪ RCR NO.3801, dtd.10.11.2020 થી MAY-2021 દરમિયાન સદર વિજ જોડાણ ને "X" કરેલ છે. (બિડાણ–૨)

૨.૫ સદર મીટરનું લેબ પરીક્ષણ તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રાહકશ્રી ના પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવેલ છે. સદર મીટરના છેલ્લા રીડીંગ ૨૩૬૨૫ KWH આવેલ છે. વધુમાં, મીટરની ચકાસણી કરતાં,મીટર બરાબર છે. લેબ રીપોર્ટ ની કોપી આ સાથે સામેલ છે. (બિડાણ–૧)

૨.૬ મે–જુન–૨૦૧૯ બિલ્ડ ઈન જુલાઈ–૨૦૧૯ થી માર્ચ–એપ્રિલ–૨૦૨૦ બિલ્ડ ઈન મે–૨૦૨૦ મહિના સુધી ગ્રાહક ના વિજ મીટર નું બિલ "L" તથા "N" સ્ટેટસ માં કરેલ છે.જેના છેલ્લા રીડીંગ ૧૫૧૦૩ KWH છે.

૨.૭ ગ્રાહક ની PRT-145 મુજબ ગ્રાહક ને બિલીંગ પીરીયડ ની માહિતી નીચે મુજબ છે.(બિડાણ–૩)

| Billing Period | Start Reading | End Reading | Consumption | Amount | Payment |
|---|---|---|---|---|---|
| May-June-2019 Billed in July-2019 | 15103 | 15103 | 290 | 1493.50 | |
| May-June-2020 Billed in July-2020 | 15103 | 15103 | 0 | 30.00 | |
| July-Aug-2020 Billed in Sept-2020 | 15103 | 23370 | 8267 | 55953.52 | |
| Sept-Oct-2020 Billed in Nov-2020 | 23370 | 23574 | 204 | 1088.16 | |
| Nov-Dec-2021 Billed in Jan-2021 | 23574 | 23574 | 0 | 30 | |
| Jan-Feb-2021 Billed in Mar-2021 | 23574 | 23574 | 0 | 30 | "X" |

આમ, ઉપરોક્ત બિલીંગ ની માહિતી ચકાસતાં, બિલ કંપની ના નિયમ મુજબ આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum PGVCL

૨.૮ વધુમાં PRT-145 પરથી સ્પષ્ટ થાય છે કે, ગ્રાહક નું મીટરમાં નોંધાયેલ છેલ્લા રીડીંગ લેબ રીપોર્ટ મુજબ ૨૩૬૨૫ KWH યુનિટ હતા. આમ, સદર ગ્રાહક ને તેમના મીટરમાં નોંધાયેલા યુનિટ ૮૨૬૭ સાથેનું કુલ બિલ રૂ.૫૫,૯૫૩/૫૨ નું આપવામાં આવેલ છે. (બિડાણ–૪)

૨.૯ આમ, સદર ગ્રાહક ની બિલ કલેકશન હિસ્ટ્રી જોતાં, તેમના દ્વારા છેલ્લે તા.૧૧/૫/૨૦૧૮ ના રોજ બિલ ના પૈસા ભરેલ છે. (બિડાણ–૫)

૨.૧૦ સદર "X" થયેલ ગ્રાહકને તેમના મીટર માં નોંધાયેલા યુનિટ નું કુલ ગ્રાહક પાસેથી વસુલવા પાત્ર રકમ રૂ.૫૩,૬૨૧/૬૨ થાય છે. જે કંપની ના નિયમ પ્રમાણે છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ સદર ગ્રાહક શ્રી મેનેજીંગ ટ્રસ્ટી, લોક વિદ્યાલય વાળુકડ ખાતે RGPR વટેરીફ નું ૦.૫ KW નું ગ્રાહક નં–૮૯૦૪૮/૦૦૮૨૩/૯ થી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ ગ્રાહક ના મીટર નું તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રાહક ની હાજરીમાં લેબ પરીક્ષણ કરતાં, રીડીંગ ૨૩૬૨૫ KWH આવેલ છે. તેમજ મીટર ની ચકાસણી કરતાં, મીટર OK બતાવેલ છે.

૩.૩ સદર ગ્રાહક ને તેમના મીટરમાં નોંધાયેલા (લેબ રીપોર્ટ મુજબ) ૨૩૬૨૫ KWH જે ૮૨૬૭ યુનિટ સાથે નું બિલ રકમ રૂ.૫૫,૯૫૩/૫૨ વસુલવા પાત્ર છે.

૩.૪ તમામ આધારભૂત પુરાવાઓ તેમજ તપાસણી અહેવાલના અભ્યાસ મુજબ વાદીશ્રી ને તેમના મીટરમાં નોંધાયેલા યુનિટનું કુલ તેમની પાસેથી વસુલવા પાત્ર રકમ રૂ.૫૩,૬૨૧/૬૨ થાય છે. જે કંપની ના નિયમ મુજબ બનાવેલ છે અને સદર રકમ વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

## —:: હુકમ ::—

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૧૫/૦૨/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar